સૌરાષ્ટ્ર આજતક

# સૌરાષ્ટ્ર યુનિ.માં કુલપતિ જોષીના હસ્તે ધ્વજવંદનઃ સામુહિક રાષ્ટ્રગાન કરાયું

રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસર ખાતે ૭૭ મા પ્રજાસત્તાક પર્વની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીના અધ્યક્ષસ્થાને ઉજવણી કરવામાં આવી.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશીના વરદહસ્તે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસરમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌ કર્મચારીઓ-વિદ્યાર્થીઓ દ્વારા સામૂહિક રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવેલ હતું.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રોફે. ઉત્પલભાઈ જોશીએ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે ઉદબોધન કરતા જણાવ્યું હતું કે,ભારત આજે વિકાસશીલમાંથી વિકસીત રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

યુવાનો રાષ્ટ્રને ઉપયોગી સંશોધનો કરે, ભારતે વિશ્વને અનેક અમૂલ્ય વૈજ્ઞાનિક શોધ આપી છે. રીસર્ચ સ્કોલર્સ અને સંશોધન કરતા વિદ્યાર્થીઓ રાષ્ટ્ર માટે વિવિધ સંશોધનો કરીને આત્મનિર્ભર અને સ્વાવલંબી ભારતનું નિર્માણ કરવામાં સહયોગી બને. આપણે ભારત સરકારના સ્વદેશીના વિચારને સાકાર કરવાનો છે. આપણે કઠોર પરિશ્રમ કરવો જોઈએ, કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી. આપણે સૌએ રાષ્ટ્ર માટે કાર્ય કરીને અખંડ ભારતનું નિર્માણ કરવાનું છે. યુવાનોએ હકારાત્મક વિચારો સાથે કાર્ય કરવું જોઈએ. યુવાનોએ પોતાનામાં રાષ્ટ્રભકિત કેળવવી જોઈએ. આપણે ગૌરવ અનુભવીએ છીએ કે આપણે ભારતીય છીએ.



ધ્વજવંદન થયા બાદ કુલપતિ પ્રોફે. ઉત્પલભાઈ જોશી તથા ઉપસ્થિત સૌએ ભારત માતા પૂજન કર્યું હતું.રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં એન.સી.સી. કેડેટસ જોડાયા હતા. આજના કાર્યક્રમનનું સંચાલન પ્રાધ્યાપક ડો. દૈવીત ધ્રુવે કર્યું હતું.

ધ્વજવંદન કાર્યક્રમને સફળ બનાવવા શારીરિક શિક્ષણ વિભાગના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં બોર્ડ ઓફ મેનેજમેન્ટના સભ્યઓ, એક્ઝીક્યુટીવ કાઉન્સીલના સભ્યઓ, એકેડેમિક કાઉન્સીલના સભ્યઓ, કુલસચિવ ડો. મનીષભાઈ ધામેચા, ભવનના અધ્યક્ષઓ, અધિકારીઓ, પ્રાધ્યાપકઓ, શૈક્ષણીક-બિનશૈક્ષણીક કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# રાજકોટમાં પીજીવીસીએલ દ્વારા ૭૭ માં ગણતંત્ર દિવસની શાનદાર ઉજવણી

રાજકોટ,
ભારતના ૭૭માં પ્રજાસત્તાક દિવસની પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા તેની કોર્પોરેટ ઓફિસ રાજકોટ ખાતે શાનદાર અને ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. કંપનીના માન. મેનેજિંગ ડિરેક્ટર કેતન પી. જોષીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમના દ્વારા પ્રેરક વકતવ્ય આપવામાં આવ્યું હતું તેમજ પીજીવીસીએલની રાષ્ટ્રીય કક્ષાએ નોંધપૂર્ણ કામગીરી બદલ કંપનીના અધિકારીઓ તેમજ કર્મચારીઓને અભિનંદન પાઠવી પ્રોત્સાહિત કર્યા હતા.

દર વર્ષની જેમ વર્ષે પણ સ્ટાફ વેલ્ફેર ફંડમાંથી પીજીવીસીએલના તેજસ્વી કર્મચારીઓને તેમજ તેમના બાળકોને અભ્યાસમાં અને રમતમાં ઉત્કૃષ્ટ દેખાવ બદલ મેરીટ એવોર્ડ આપી તેમની સિદ્ધિને બિરદાવવામાં આવી હતી.



કર્મચારીઓના બાળકો માટે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બહોળી સંખ્યામાં બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે પીજીવીસીએલના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ તેમના પરિવાર સાથે તેમજ જીયુવીએનએલ પોલીસ સ્ટાફના અધિકારીઓ અને જવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢમાં ગીરનાર શકિતપીઠ અંબાજી માતાજીને ત્રિરંગાનો શૃંગાર



યજ્ઞેશ ભટ્ટ,
જુનાગઢ,

ગિરીવર ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગતજનની મા અંબાના મંદિરમાં બિરાજમાન શકિતપીઠ અંબાજી માતાને પ્રજાસત્તાક દિન નિમિતે પૂજારી ભાઈઓએ માતાજીને ત્રિરંગા સાડી અને ધ્વજ સાથે વિશેષ શૃંગાર કર્યો હતો. મન દર્શન કરિ ભાવિકો ધન્ય થયા હતા.

# ઉપલેટાના તલગણા ગામે ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો

રાજકોટ,
રાજકોટ જીલ્લાના ઉપલેટા તાલુકાના તલગણા ગામે ભારતના ૭૭મા પ્રજાસત્તાક દિવસની તાલુકા કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે ૭૫-ધોરાજી-ઉપલેટા વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયાના હસ્તે ધ્વજવંદન કાર્યક્રમ યોજાયો હતો.

તાલુકા વહીવટી તંત્ર, ઉપલેટા દ્વારા આદર્શ બુનિયાદી તાલુકા શાળા, તલગણા ખાતે આયોજિત આ સમારોહમાં ધારાસભ્યશ્રીએ રાષ્ટ્રધ્વજને સલામી આપી, દેશના સ્વાતંત્ર્ય સેનાનીઓ અને બંધારણના ઘડવૈયાઓને યાદ કરી પ્રાસંગિક ઉદ્દબોધન આપ્યું હતું તથા સૌને પ્રજાસત્તાક પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. તેમજ શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિના સાંસ્કૃતિક નૃત્યો રજૂ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વહીવટી અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ, ગ્રામજનો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.



# વેરાવળમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વમાં જીલ્લા માહિતી અધિકારી સુનિલ પટેલનું સન્માન




મિતેશ પરમાર, વેરાવળ,
૭૭માં પ્રજાસત્તાક પર્વે કલેકટર શ્રી એન.વી. ઉપાધ્યાયના હસ્તે જિલ્લા માહિતી અધિકારી શ્રી સુનિલ પટેલનું પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. તા.૮ થી તા.૧૫ જાન્યુઆરી દરમિયાન પ્રભાસની પુણ્યભૂમિના આંગણે યોજાયેલા 'સોમનાથ સ્વાભિમાન પર્વ'માં પ્રચાર-પ્રસારની ઉત્તમ કામગીરી માટે જિલ્લા માહિતી અધિકારી સુનિલ પટેલનું સન્માન કરવામાં આવ્યું હતું.

# રાજકોટના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડની સેવાકર્યો સાથે જન્મદિવસની ઉજવણી



રાજકોટ,
વિધાનસભા-૬૮(પૂર્વ)ના સેવાકીય ક્ષેત્રે સતત સક્રિય ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના જન્મદિવસ નિમિતે સમગ્ર વિસ્તારમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાયેલ. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે જરૂરિયાતમંદ દર્દીઓને આધુનિક ફેકો મશીન દ્વારા આયોજિત નિઃશુલ્ક આંખના મોતિયાના ઓપરેશન થકી સેવા પ્રકલ્પનો ૫૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓએ લાભ લીધો.

મેગા સર્વરોગ નિદાન કેમ્પમાં ૬૦૦થી વધુ જરૂરિયાતમંદ નાગરિકોએ જનરલ ઉપચાર, આંખના રોગો, દાંતના રોગો, ચામડીના રોગો, સ્ત્રીરોગના નિદાન અને નિઃશુલ્ક દવા અને ચશ્મા વિતરણનો લાભ લીધો હતો. રણછોડદાસ મહારાજ શાળા નં.૧૫ ખાતે આત્મીય કાર્યક્રમમાં શાળાના બાળકો દ્વારા પોતાના હસ્તે તૈયાર કરાયેલા ૫૪ શુભેચ્છા કાર્ડ અને ગુલાબ ભેટ આપવામાં આવ્યા હતા.

શાળાના આચાર્ય, શિક્ષક ગણ દ્વારા બુકે અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું તથા ધારાસભ્ય દ્વારા શાળાના બાળકોને કેક અને ચોકલેટ આપી મોઢું મીઠું કરાવાયું.

# વન વિભાગ અને માલધારીઓના અતૂટ સંબંધોની પ્રતીતિ કરાવતો કાર્યક્રમ સંપન્ન

## ધારી ગીર (પૂર્વ) વન વિભાગ દ્વારા રાષ્ટ્રધ્વજને સલામી અપાઈ




(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી તા. સમગ્ર દેશ જ્યારે ૭૭મા પ્રજાસત્તાક પર્વના રંગે રંગાયેલો છે, ત્યારે ગીર (પૂર્વ) વન વિભાગ-ધારી દ્વારા રાષ્ટ્રપ્રેમ અને પર્યાવરણ જતનના ઉમદા ઉદ્દેશ્ય સાથે આ પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધારીના પ્રખ્યાત આંબરડી સફારી પાર્ક ખાતે આયોજિત આ કાર્યક્રમમાં વન વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ અને સ્થાનિક આગેવાનોએ ઉમંગભેર ભાગ લીધો હતો.

આ કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી વિકાસ યાદવ (IFS), નાયબ વન સંરક્ષકશ્રી, ગીર (પૂર્વ)-ધારીના હસ્તે સવારે ૮:૩૦ કલાકે ધ્વજવંદન કરી તિરંગાને સલામી આપવામાં આવી હતી. શ્રી વિકાસ યાદવે જણાવ્યું કે, "રાષ્ટ્ર સર્વોપરી છે અને જીવમાત્રનું રક્ષણ કરવું એ આપણી પાયાની ફરજ છે." તેમણે વધુમાં ઉમેર્યું કે સમગ્ર ભારતવર્ષમાં એશિયાઈ સિંહોની સૌથી વધુ સંખ્યા અમરેલી જિલ્લામાં છે, જે વન વિભાગની જહેમત અને પ્રજાના સહયોગનું પરિણામ છે.

આ કાર્યક્રમની ખાસિયત એ રહી કે વન વિભાગ અને જંગલના રક્ષક ગણાતા માલધારીઓ વચ્ચેની મિત્રાતા જોવા મળી હતી. સ્ટેજ પર શ્રી નાથાભાઈ માલધારીને વિશેષ સ્થાન આપી વન વિભાગે માલધારી સમુદાય પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે માનદ વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીર બાપુ, ACF શ્રી પી. એન. ચાંદુ, શ્રી એન. પી. લકુમ તેમજ ગીર (પૂર્વ)ના RFO સહિતના અધિકારીઓ ગણવેશમાં સજ્જ થઈ હાજર રહ્યા હતા. તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓ, પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓ (NGOs) અને ગીર ના સાવજ સમા પત્રકાર અરવિંદભાઈ દવેનું પ્રશંસા પત્ર તથા મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા. અને વિવિધ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ અને પર્યાવરણના સંદેશા સાથે સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી

આ ઉજવણીમાં સામાજિક આગેવાનો, રહીશો, એનજીઓ અને મોટી સંખ્યામાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ હાજરી આપી "પર્યાવરણની સુરક્ષા એ જ આપણી જવાબદારી" હોવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યક્રમે રાષ્ટ્રીય એકતા અને વન્યજીવ સંરક્ષણનો પ્રબળ સંદેશ આપ્યો હતો.

# રાજકોટની મહીકા પ્રાથમિક શાળા ખાતે છાત્રોને આપાતકાલીન સ્થિતિ સામે રક્ષણના પાઠ ભણાવાયા

## મુખ્યમંત્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં મેગા ઇવેન્ટ યોજાઇ




રાજકોટ,
શાળા સલામતી સપ્તાહ – ૨૦૨૬ અંતર્ગત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્ર પટેલની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમ રાજકોટ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા મહીકા પ્રાથમિક શાળા ખાતે મેગા ઈવેન્ટ યોજાયો હતો.

જેમાં એસડીઆરએફ ટીમ દ્વારા શોધ અને બચાવ અંગે જીવંત નિદર્શન રજૂ કરાયું હતું. કાર્યક્રમ દરમિયાન ધરતીકંપ, પૂર, આગ સામે રક્ષણ, સહિતની સલામતી બાબતોની તાલીમનો શાળાના ૧૦૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો. ગાંધીનગરથી પ્રસારિત થયેલા મુખ્યમંત્રીશ્રી ઓનલાઈન કાર્યક્રમને ઉપસ્થિત સૌએ નિહાળ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા મામલતદારશ્રી, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સરપંચશ્રી, સ્થાનિક આગેવાનો, કો-ઓર્ડિનેટર, ટીમ તેમજ શાળાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, તા. ૨૭/૦૧/૨૦૨૬થી મુખ્યમંત્રીશ્રી દ્વારા રાજ્યમાં શાળા સલામતી સપ્તાહ – ૨૦૨૬ની શરૂઆત કરવામાં આવી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી દ્વારા કલેકટરશ્રીના માર્ગદર્શન હેઠળ કુલ ૭૦ શાળાઓમાં મેગા ઈવેન્ટનું આયોજન કરાયું છે. જે અન્વયે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને સલામતીના પાઠ શીખવવામાં આવી રહ્યા છે.

# રાજકોટ ખાતે વેસ્ટ ઝોન ઈન્ટર યુનિ. ક્રિકેટ ટુર્નામેન્ટનો પ્રારંભ

## દેશભરની ૧૫૪ યુનિ. માંથી ૩૦૦૦ ખેલાડીઓ ભાઈઓ ટુર્નામેન્ટમાં ભાગ લેશે

રાજકોટ,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજિત વેસ્ટ ઝોન ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ (ભાઈઓ) સ્પર્ધાની શરૂઆત કરવામાં આવી છે. આ સ્પર્ધામાં પાંચ રાજ્યોની કુલ ૧૫૪ યુનિવર્સિટીઓ ભાગ લઈ રહી છે, જે ગુજરાત તેમજ વેસ્ટ ઝોન ક્રિકેટના ઈતિહાસમાં એક નવો કીર્તિમાન ગણાય છે.

આ પ્રતિષ્ઠિત સ્પર્ધાનો શુભ આરંભ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના મુખ્ય ગ્રાઉન્ડ ખાતે યુનિવર્સિટીના કુલપતિના વરદ હસ્તે ઉલાળી કરવામાં આવ્યો હતો. આજથી શરૂ થયેલી આ સ્પર્ધા દરમિયાન યુનિવર્સિટીના વિવિધ નવ જેટલા ગ્રાઉન્ડ પર દરરોજ ૧૮થી વધુ મેચો યોજાઈ રહી છે.આ વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા એક નવી અને અભિનવ પહેલ કરવામાં આવી છે, જેમાં આ સ્પર્ધાની દરેક મેચનો લાઈવ સ્કોર સમગ્ર ભારતભરમાં પ્રસારિત થઈ રહ્યો છે. સુવ્યવસ્થિત અને સુંદર મેદાનો, આધુનિક સુવિધાઓ અને આયોજનબદ્ધ વ્યવસ્થાઓ સાથે સ્પર્ધા એક આદર્શ રૂપે શરૂ થઈ છે.




આ સ્પર્ધા તારીખ ૮ સુધી ચાલશે અને તેમાં અંદાજે ૩૦૦૦થી વધુ ખેલાડીઓ ભાગ લેશે. આ વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીમને મોસ્ટ ફેવરિટ તરીકે માનવામાં આવી રહી છે. ખેલાડીઓ માટે રહેવાની, જમવાની, પરિવહન તેમજ મેદાનની ઉત્તમ વ્યવસ્થા સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે.

આ સમગ્ર વેસ્ટ ઝોન ક્રિકેટ સ્પર્ધાનું સફળ સંચાલન શારીરિક શિક્ષણ વિભાગના ઈન્ચાર્જ અને શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

તેમની સાથે શારીરિક શિક્ષણ વિભાગના ૯૦થી વધુ અધ્યાપકો, અધિકારીઓ, અમ્પાયરો અને વોલન્ટિયરોની ટીમ સંકલિત રીતે કાર્ય કરી રહી છે.સ્પર્ધાના આયોજનમાં કાર્યરત મુખ્ય કમિટીઓમાં કોર્ડિનેશન કમિટી, ટ્રાન્સપોર્ટેશન કમિટી, મેદાન ઈન્ચાર્જ કમિટી,રજીસ્ટ્રેશન કમિટી, એડમિનિસ્ટ્રેશન કમિટી, હોસ્ટેલ અને રહેણાંક વ્યવસ્થા કમિટી, વોલન્ટિયર કમિટી, અમ્પાયરો અને મેચ ઓફિશિયલ્સ કમિટી, આ તમામ કમિટીઓ વચ્ચે ઉત્તમ સંકલન અને આયોજનના પરિણામે સ્પર્ધાની શરૂઆત ખૂબ જ સુવ્યવસ્થિત, શિસ્તબદ્ધ અને પ્રશંસનીય રીતે થઈ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગના અધ્યાપકો, અમ્પાયરો અને સ્વયંસેવકોની ટીમે આ સ્પર્ધાને સફળ બનાવવા માટે નોંધપાત્ર મહેનત કરી છે.